# ગૂજરાત વિદ્યાપીઠઃ અમદાવાદ-૩૮૦૦૧૪

## જાહેર અપીલ

ગુજરાતમાં નોવેલ કોરોના વાઈરસ(Covid-19)ના સંક્રમણની મહામારીથી ઉગરવા માટે સંભવિત તમામ પ્રયાસો રાષ્ટ્રીય તેમજ પ્રાદેશિક કક્ષાએથી થઈ રહ્યા છે ત્યારે ગૂજરાત વિદ્યાપીઠના અમદાવાદ, સાદરા તેમજ રાંધેજાના ઉચ્ચ શિક્ષણનાં પરિસરો તેમજ તમામ સંકુલો / વિભાગો / શાળાઓ અને કેન્દ્રોએ એપ્રિલના બીજા સપ્તાહ સુધીમાં અનેકવિધ સામાજિક જવાબદારીઓ અદા કરવાની થશે. આ પરિસ્થિતિઓને ધ્યાનમાં લઈને સહુને વિનંતી છે કે ...

૧) અધ્યાપકો યુ.જી.સી.ના તેમજ રાજય સરકારના પરિપત્રોને ધ્યાનમાં રાખી ઘરેથી પોતાની કામગીરી સાતત્યપૂર્ણ રીતે ચાલુ રાખે અને તેનો નિયમિત અહેવાલ તૈયાર કરતાં રહે. શિક્ષણ, સંશોધન તેમજ ઓનલાઈન શિક્ષણના મોટાભાગના સંસાધનોનો ઉપયોગ કરીને તેનો સ્વઅધ્યયન તેમજ ચાલુ વર્ષના વિદ્યાર્થીઓને માટે કાર્યક્રમો પ્રયોજે, ગૂજરાત વિદ્યાપીઠના તંત્ર પાસેથી જે કંઈ સહાયની જરુર હોય તો જરૂરથી માંગી શક્શે.

૨) ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક, અનુસ્નાતક, સંશોધન વિદ્યાર્થીઓ ભાઈ-બહેનો પોત પોતાના ગામડાંઓમાં, શહેરોમાં પરત થયા છે ત્યારે તેમને પણ પોતપોતાના સ્થળોએ સ્થાનિક પરિસ્થિતિનો તત્કાલ સર્વેક્ષણ કરી 'સામાજીક દૂરી' તેમજ 'લોકડાઉન'ને ધ્યાનમાં રાખીને વ્હોટસેપ ગૃપ કે નજીકનાં સમૂહની સહાયથી છેવાડાના વંચિતોને પીવાના પાણી, તૈયાર ભોજન કે અનાજ-કઠોળ સહિતની જીવન જરૂરીયાતની ચીજોની કીટ તૈયાર કરી વિતરણ કરવા સહિતની કામગીરી કરી સમાજ અને સરકારને પૂરી મદદ કરવામાં પાછી પાની ન કરે તેવો અનુરોધ છે.

3) ગૂજરાત વિદ્યાપીઠના વિવિધ શાળાનાં કેન્દ્રો, ગ્રામ સેવા કેન્દ્રો, પંચાયતી રાજ તાલીમ કેન્દ્ર, NSS ના વિદ્યાર્થીઓ, NSS તાલીમ લીધેલાં અધિકારીઓ તેમજ ગ્રામ શિલ્પીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને તેમનાં સંગઠનો જુદા જુદા સ્થળે સમાજ સેવા માટે ભેખ ધરીને બેઠેલા છે. આ બધા વચ્ચે એક પ્રકારનું સંકલન રહે તેમજ જે તે સ્થળે જ્યાં જરુર પડે ત્યાં જવાને બદલે ત્યાં જ ઉપસ્થિત આપણાં સાથીઓને સમયસર કાર્યાન્વિત કરી શકીએ તો બહુ મોટી કામગીરી થઈ શક્શે અને સાચા અર્થમાં મદદરૂપ થઈ શકીશું.

Scanned with CamScanner

૪) સ્થાનિક પંચાયતો, તાલુકા પંચાયતો કે જીલ્લા પ્રસાશન કે આરોગ્ય વિભાગને જયાં સહાયની જરૂર પડે ત્યાં તેમજ આપણી સાથે સંકળાયેલી સહયોગી સ્વૈચ્છિક સંસ્થાઓને મદદરૂપ થવા માટે પણ ગૂજરાત વિદ્યાપીઠના સહુ સાથી અધ્યાપકો-વિદ્યાર્થીઓને આ જાહેર અપીલ કરવામાં આવે છે.

૫) આપ સહુને આ અંગે કોઈ પણ કામગીરી બાબત સહાય કે મદદની કે માર્ગદર્શનની જરૂરિયાત હોય તો તેને માટે ગૂજરાત વિદ્યાપીઠ તરફથી નીચે પ્રમાણે એક સંપર્ક સેતુ સ્થાપવામાં આવ્યો છે. જેને પણ જરૂર જણાય તેમને તે વ્હોટએપ નંબર ઉપર સંપર્ક કરવા અનુરોધ છે.

મોબાઈલ / વ્હોટએપ નંબર : 9428214260 (અરૂણભાઈ ગાંધી)

આપણે 'લોકડાઉન'ની સ્થિતિમાં 'સામાજિક દૂરી'ને જાળવીને વર્તમાન પરિસ્થિતિમાં સેવાઓ તેમજ સામાજિક જાગૃતિ એમ બંને મોરચે કટિબધ્ધ થવાનું છે. ગૂજરાત વિદ્યાપીઠ તેના શતાબ્દી વર્ષમાં સમાજ પ્રત્યેની ફરજ માટે કટિબધ્ધ છે અને આપના સહુના માધ્યમથી આ કાર્ય જરૂરથી પૂર્ણ થશે.

**सर्वे सुखिनः सन्तु।**
**सर्वे सन्तु निरामया।**

(ડૉ. ભરત જોશી)
કા. કુલસચિવ

Scanned with CamScanner